

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પ્રગટે ગુજરાતમાં અહીં દારૂની ગંગોત્રી છે,*
*ખૂન-ખાયકીને લૂંટ અહીં ગુન્હાની ગંગોત્રી છે.*
*ગંગોત્રી છે અહીં જોર-જુલ્મોને જોહુકમીની -*
*'એકના ડબલ' કરે જાદુગરોની જન્મોત્રી છે.*
*(શ્રેષ્ઠ 'અસરદાર' - રાજયના ગૃહમંત્રીને અભિનંદન)*

### હાઈકુ

*રેલમ છેલ!!*
*વહે દેશી-વિદેશી*
*બેકાંઠે દારૂ!!*
*(ઉપરથી આવક)*

*ઘરના ભૂવા !!*
*ઘરના જાગરિયા ?*
*ફેમ - ઈન્ડિયા !!*
*('સર્વે'નું સત્ય)*

### ચિંતન

**પ્રત્યક્ષ પરોક્ષનુમાનૈઃ કાર્યાણિ પરીક્ષેત્ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પ્રત્યક્ષ પરોક્ષ સાધનો અને અનુમાનથી કાર્યપરિક્ષા કરવી જોઈએ.

કોઈ પણ કાર્યનો પ્રારંભ કરતાં પહેલાં ઉપસ્થિત અનુપસ્થિત સાધનોનો વિચાર કરવો જોઈએ. અને એના અંગે પૂર્ણ અનુમાન બાંધવું જોઈએ. જે કાર્ય હાથમાં લીધું હોય એમાં કઈ કઈ ચીજોની આવશ્યકતા પડશે, પાસે કેટલી છે અને કેટલી મગાવવી પડશે, બધી વસ્તુઓ મળશે કે નહિ, અથવા મળશે તો કયાં મળશે એ બધો વિચાર કરીને જ કાર્ય પ્રારંભ કરવો જોઈએ. એનાથી કાર્ય નિષ્ફળ જવાની સંભાવનાઓ નિર્મૂળ થાય છે.

આજકાલ કોમ્પ્યુટર અને ગૂગલ જેવાં સાધનો દ્વારા મિત્રો અને લગ્નજીવન સાથી સાથે માત્ર વાતચીતના સંબંધે સંપર્ક થાય છે અને બંને પછી ભાંડા ફૂટે છે એવી જ રીતે વર્તમાનપત્રની છેતરામણી જાxખથી પણ જીવન બરબાદ થતાં હોય છે.

રૂબરૂ સંપર્ક અને સંપૂર્ણ જાત તપાસ પછી જ કોઈ પણ બાબતનો નિર્ણય કરવો.

### સુવિચાર

- બધા સાથી કામના, સૌને પોતપોતાનો મોલ...,
  જે સંકટમાં સાથ આપે, એ સૌથી અણમોલ... - **એસ. ભટ્ટાચાર્ય**
- જે લોકો મનમાં ઉતરે છે, 'એમને સંભાળીને,' રાખે,
  જે લોકો મનમાંથી ઉતરે છે 'એમનાથી સંભાળીને' રહો - **જનકલ્યાણ**
- શરીર એક ખેતર છે, કર્મ છે કિસાન, પાપ-પુણ્ય બે બીજ છે, શું વાવ્યું એ તું જાણ - **ચિત્રલેખા**
- સેલ્ફી ભલે ખેંચો, પણ કોઈનું દર્દ ખેંચવાનો પણ પ્રયાસ કરજો, દુનિયા તો શું ખુદ ઈશ્વર પણ એ તસવીરને લાઈક કરશે - **જન્મભૂમિ**
- વિધિની વક્રતા એ છે કે કેટલીકવાર ઈર્ષાળુ આદમીની ખામોશી પણ ખૂબ કોલાહલ ભરી હોય છે - **ઈશિતા**
- 'સારો' શબ્દ 'સર્વશ્રેષ્ઠ' નો દુશ્મન છે, જો તમે 'સારા' થી ચલાવી લેશો તો કદીયે 'સર્વશ્રેષ્ઠ' નહીં બની શકો - **જેરી રાઈસ**
- આજનું ઔષધ : અસ્થમા (દમ)માં કારેલાની પેસ્ટ એક ચમચી લઈ તેમાં મધ અને તુલસીના રસ જોડે મિક્સ કરી ખાવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક હાઈસ્કૂલના વાર્ષિકોત્સવની ઉજવણી થઈ રહી હતી. મુખ્ય પ્રવેશદ્વાર પર એક વિદ્યાર્થીને ફરજ સોંપવામાં આવી કે આમંત્રિત મહેમાનોની નિમંત્રણપત્રિકા તપાસીને પછી જ એમને પ્રવેશ આપવાનો. સમારંભના મુખ્ય અતિથિ હતા જસ્ટિસ મહાદેવ ગોવિંદ રાનડે. એ પ્રવેશદ્વાર પર આવ્યા એટલે પેલા વિદ્યાર્થીએ કહ્યું, 'મહાશય, આપની નિમંત્રણ પત્રિકા બતાવો તો પ્રવેશને પાત્ર છો.' રાનડેએ કહ્યું, 'બેટા, હું આજે આ ઉત્સવમાં મુખ્ય અતિથિ છું અને હું આમંત્રણ પત્રિકા લાવ્યો નથી.' પેલા વિદ્યાર્થીએ મક્કમતાથી કહ્યું, 'માફી ચાહુ છું, પણ તમને અંદર પ્રવેશ મળી શકશે નહીં.' એવામાં શાળાના સંચાલકો અને શિક્ષકો પ્રવેશદ્વાર પર આવી પહોંચ્યા અને અતિથિને મંચ તરફ લઈ જવા લાગ્યા ત્યારે પેલા વિદ્યાર્થીએ આડો હાથ ધરીને કહ્યું, સર, મને મારા આયોજકો તથા ગુરુજનો એ આ ફરજ સોંપી છે અને હવે તેઓ જ આ ફરજમાં હસ્તક્ષેપ કરે છે તો હું મારી ફરજને કેવી રીતે ન્યાય આપી શકું? મહેમાન કોઈ પણ હોય પણ તેમણે ન્યાય આપી શકું ? મહેમાન કોઈ પણ હોય પણ તેમણે આમંત્રણ પત્રિકા તો લાવવી જ જોઈએ.' અંતે આચાર્યએ વચ્ચે પડી વિદ્યાર્થીને શાંત પાડી મુખ્ય મહેમાનને આવકારી મંચ સુધી લઈ ગયા. આ વિદ્યાર્થી હતા ગોપાળ કૃષ્ણ ગોખલે.

# ટ્રમ્પની રાષ્ટ્રવાદી નીતિ અતિ સંકુચિત

**તંત્રીસ્થાનેથી...**

મહર્ષિ અરવિંદ સરહદો વગરના વિશ્વના પરિકલ્પના કરતા રહ્યા; પોંડીચેરી ખાતે ઓરોવિલ નગરનું આયોજન પણ કર્યું અને મહાપ્રયાણ કરી ગયા. આપણા ઉપનિષદના ઋષિએ યત્ર વિશ્વં ભવતિ એક નીડમ્ - જયાં આખી દુનિયા એક 'માળો' બની રહે એવી સુંદર કલ્પના આપી. વસુધૈવ કુટુમ્બકમ્ - આખી સૃષ્ટિને એક પરિવાર ગણવાના સંસ્કાર પણ દરેક ભારતીયને ગળથૂથીમાં મળતા રહ્યા છે. પરંતુ એથી તદ્દન વિપરીત એવી સંકુચિત રાષ્ટ્રવાદની પરિકલ્પના પણ આપણને સાંપડતી રહી છે. આપણે રાષ્ટ્રવાદના નામે ચૂંટણી લડતી કેસરિયા પાર્ટીને ખોબલે ખોબલે વોટ આપીએ છીએ. રાષ્ટ્રવાદ જયારે વિકૃત બને છે ત્યારે તે ખતરનાક નીવડે છે. એ યુદ્ધો નોતરે છે. હિટલરનો રાષ્ટ્રવાદ વિશ્વની સૌથી મોટી કરુણાંતિકા છે. એણે માત્ર આર્યન બ્લડ ધરાવતી પ્રજા જ શ્રેષ્ઠ છે એવી ઘેલછા સાથે લાખો યહૂદીઓને જીવતા ભૂંજી નાખ્યા છતાં એના પેટનું પાણી ના હાલ્યું. ઈસ્લામિક સ્ટેટની પરિકલ્પના પણ આવા વિકૃત રાષ્ટ્રવાદનું જ ઉદાહરણ છે. દુનિયામાં માત્ર ઈસ્લામનું જ સામ્રાજય હોવું જોઈએ - એવા ફતવાનો અમલ હિંદુસ્તાન પર શાસન કરનારા અલાઉદ્દીન ખીલજીથી લઈ ઔરંગઝેબ સુધીના મુસ્લિમ સુલતાનો અને બાદશાહોએ કર્યો - પરંતુ એથી માત્ર કેટલીક મજબૂર પ્રજાનું ધર્માન્તરણ જ શક્ય બન્યું. હિંદુસ્તાન તો હિંદુસ્તાન જ રહ્યું. અમેરિકાના 'વિશિષ્ટ' રાષ્ટ્રપ્રમુખે એમની ટીકા અને ટીખળ કરતી રહેતી ચાર ડેમોક્રેટ મહિલા સાંસદોને એમના દેશમાં ચાલ્યા જવું જોઈએ એવી વંશીય ટિપ્પણી કરી છે. આ ચારેય મહિલા સાંસદો પ્રગતિશીલ વિચારો ધરાવે છે અને એ પૈકીની મોટા ભાગની અમેરિકામાં જ જન્મી હોવા છતાં એમનાં મૂળિયાં અન્ય દેશો સાથે સંકળાયેલા છે. ટ્રમ્પે એમને શિખામણ આપી છે કે મને કે અમેરિકાને સુધારવાની સલાહ આપ્યા વગર જઈને તમારા મૂળ દેશમાં જે અરાજકતા અને ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે. એને સુધારી આવો. પછી આવીને તમારા અનુભવ જણાવજો. ટ્રમ્પની આ વ્યંગવાણીએ પેલી નવી સવી સાંસદ બનેલી ગોરું ગોત્ર નહીં ધરાવતી મહિલાઓને કાળજે ઘા કર્યો છે. ટ્રમ્પ અમેરિકન રાષ્ટ્રવાદના મુદ્દે ચૂંટાયા હતા અને બીજી વાર એ જ મુદ્દો ઉજાગર કરી 'અમેરિકન વ્હાઈટ્સ' નું એમની તરફેણમાં ધ્રુવીકરણ કરવા કૃતસંકલ્પ છે. આ અદ્દલ આપણા દેશની ચૂંટણીઓમાં ચાલતા રહેતા 'હિંદુત્વ' ના મોજા જેવો મુદ્દો છે. અમેરિકા તો દુનિયાના તમામ લોકોને સ્વીકારનારી 'લેન્ડ ઑફ ઓપર્ચ્યુનિટી' ગણાતું રહ્યું છે. ટ્રમ્પ હવે એને માત્ર ગોરા અમેરિકનો પૂરતું મર્યાદિત કરવાના મૂડમાં છે.

# જયાં રોટલો જ ઈલાજ હોય ત્યાં દવા શું કામ આપે ?



### નવાં કલેવર

નટવર હેડાઉ

દિવ્યા સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતી. તે યુવાનીમાં જ વિધવા થઈ ગઈ હતી. પહાડ જેવી જિંદગી તેની સામે હતી. શરુઆતમાં એમ લાગ્યું કે શું થશે? કેમ જીવાશે ? પણ પછી તેણે પોતાના એકના એક દીકરા તરફ જોયું. તેણે વિચાર્યું કે જે થવાનું હતું તે થઈ ગયું. રડવાથી કે દુઃખી થવાથી ગયેલ પાછું આવવાનું નથી. તેની પાસે બે આધાર છે એક નોકરી અને બીજો તેનો દીકરો ચિંતન. ઘણી દુઃખીયારી સ્ત્રીઓ એવી હોય છે કે તેમને કોઈ આધાર નથી હોતો.

દિવ્યા આમ પણ ખુબ કોમળ મનની હતી. પરિસ્થિતિ એ તેને વધુ કોમળ અને દયાળુ બનાવી દીધી. તે પોતાના દુઃખોને ભૂલી બીજાના દુઃખ દર્દમાં સામેલ થઈ ગઈ. સ્કૂલના બાળકો અને ખાસ કરીને ગરીબ બાળકો પ્રત્યે તેને અપાર મમતા હતી. અને તેમના માટે જે થઈ શકે તે બધું તે કરતી હતી. બીજી તરફ તેણે પોતાના દીકરા ચિંતનને સારામાં સારું ઉચ્ચ શિક્ષણ મળે તે માટે પ્રયત્ન કર્યા. તેણે પોતાની ઓછી આવકમાં ઉચ્ચ શિક્ષણનો ખર્ચ વહન કર્યો. જેના ફળ સ્વરુપ ચિંતન એક દિવસ ડૉકટર બની ગયો.

ચિંતન એક મોટી હોસ્પિટલમાં નોકરી કરવા લાગ્યો. જે દિવસે તેને પહેલો પગાર મળ્યો. તે ખુબ ખુશ થયો. પગારના પૈસા માંના હાથમાં સોંપતાં તેણે કહ્યું. 'મમ્મી આજે તારા આશીર્વાદથી તારો દીકરો કમાવા લાગ્યો છે. હવે આ સરકારી શાળાની નોકરી છોડી આરામ કર.'

દિવ્યા પગારના પૈસા હાથમાં લઈ ઊભી રહી. પછી તેણે પાછા આપતાં બોલી. 'બેટા, આ પૈસા તું તારા નામે બેંકમાં જમા કર, ભવિષ્યમાં કામ લાગશે. અને હાં હું નોકરી શું કામ છોડી દઉં?'

'મમ્મી હવે સારું લાગતું નથી. તારો દીકરો એક મોટી હોસ્પિટલમાં ડૉકટર હોય અને તું આવી નોકરી કરે તે કેવું લાગે? ગરીબ ચીંથરેહાલ છોકરાંઓની વચ્ચે તું બેઠી હોય.'

'બેઠી હોય એટલે ? તું કહેવા શું માંગે છે? મારી આ નોકરીને કારણે જ તું ડૉકટર બન્યો છે. નોકરી તો મારા જીવનનો આધાર બની છે. આ શાળામાં જે બાળકો આવે છે તે આપણા ને દેશની સાચી ઓળખ કરાવે છે. બેટા, તે આપણી પરીક્ષા પણ લે છે. જે લોકોના મનમાં ગરીબો માટે દયા-માયા-મમયા નથી હોતી તે માનવ કહેવાને લાયક નથી અને બેટા મારી તો એવી ઈચ્છા છે કે થોડા પૈસા ભેળા કરી અહીં ગરીબ વિસ્તારમાં દવાખાનું ખોલી દે.'

'ગરીબ વિસ્તારમાં ? મમ્મી તું પણ શું, ગરીબ વિસ્તારમાં શું મળે ? ચિંતને કહ્યું. મા બોલી પૈસા કદાચ ઓછા મળશે પણ મનને સંતોષ મળશે કે મેં જરૂરીયાળ વાળાનો ઈલાજ માત્ર નહીં તેમને મદદ પણ કરી છે.'

ચિંતન હસ્યો. તેને એમ લાગ્યું કે માં ની સાથે ચર્ચા કરવી નકામી છે. શું કામ જીભાજોડી કરવી. જે ઠીક લાગે તે કરીશ.

'બેટા, નોકરી કરવી એટલું ફક્ત જરૂરી નથી. દરેક નોકરી સાથે એક નૈતિકતા પણ જોડાયેલી હોય છે, જો હું શિક્ષક છું. મારું કામ ભણાવવાનું છે. વર્ગમાં પૈસાદારના છોકરાં આવે છે કે ગરીબ ઘરનાં તે જોવાની જરૂર નથી. બસ વર્ગમાં આવો, ભણાવો, પગાર લો અને સુખી રહો. પણ ના શિક્ષકનું કામ માત્ર એટલું નથી. તે બાળકનો વાલી પમ છે. તે તેના અંગત જીવનની મુશ્કેલીઓ સાથે પણ જોડાય છે. તે એવા છે. પણ ડૉકટરોએ તેને બાજુએ ધકેલી દીધી છે. બધાને બસ જલ્દી પૈસાદાર થઈ જવું છે. તે માટે જાતભાતની રીતરસમો અજમાવે છે. શું તેનાથી માણસના આત્માને શાંતિ મળે ખરી? માં બાલ્યો જતી હતી.'

ચિંતન સાંભળતો હતો. પણ અંદર ઉતારતો હતો કે નહીં તે રામ જાણે...'

બીજે દિવસે માં સ્કૂલે ગઈ અને ચિંતન હોસ્પિટલે. હોસ્પિટલમાં કોઈ કારણોસર રજા પડી ગઈ. તેથી ચિંતન ઘેર આવતો રહ્યો. પણ વિચાર્યું કે ચાવી તો માં પાસે છે અને માં સ્કૂલમાં હશે. તે ચાવી લેવા સ્કૂલે પહોંચી ગયો. માં તેના ઓરડામાં બેઠેલી હતી. ચિંતન તેના ઓરડામા ગયો અને બોલ્યો. 'મમ્મી આજે રડી પડી ગઈ છે. ચાવી આપો તો ઘરે જાઉં.'

માં એ કહ્યું, 'બેટા, જરા બેસ. અહીંની દુનિયાને પણ જરા જો.'

'ના, મમ્મી ચાવી આપ, અહીં શું બેસવાનું?

માં તેના પર્સમાંથી ચાવી કાઢે તે પહેલાં છોકરાઓ એક છોકરાને લઈને આવ્યા. 'મેડમ, આને પેટમાં દુઃખે છે, બિચારો તરફડે છે.'

દિવ્યાની બેગમાં અમુક દવાઓ હતી. તેમાં પેટના દુઃખાવાની દવા પણ હતી. તેણે દવા કાઢીને આપી અને કહ્યું, 'દવા ખાઈ લે બેન્ચ પર સૂઈ જા.'

દવા ખાવા છતાં કંઈ ફાયદો ન થયો. પણ દુઃખાવો તમે કેવું આચરકુચર ખાવ છો. શું ખાધેલું?

તે છોકરો ચૂપ રહ્યો.

દિવ્યાએ ફરી ધમકાવી પૂછ્યું, 'બોલતો કેમ નથી, શું ખાધેલું ?'

છોકરાએ ગભરાતાં કહ્યું, 'મેડમ ગઈ કાલનું કંઈ ખાધું જ નથી.'

'કેમ ?'

'ઘરમાં ખાવાનું કંઈ હતું જ નહીં.'

દિવ્યા આ સાંભળી સ્તબ્ધ થઈ ગઈ. તેણે કહ્યું, 'જયાં રોટલો જ ઈલાજ હોય ત્યાં દવા શું કામ આપે ? તેણે પટ્ટાવાળાને રૂપિયા આપતાં કહ્યું, 'જાવ, આના માટે કંઈક ખાવાનું લઈ આવો.'

છોકરાએ થોડું ખાધું. ધીરે ધીરે તેના પેટનો દુઃખાવો શાંત થયો. તેનો ચહેરો ખીલી ઊઠ્યો.

દિવ્યા છોકરાને કલાસમાં મોકલી કયાંક સુધી એમ જ બેસી રહી. તેની આંખમાં આંસુ આવી ગયા. ચિંતન આ બધું જોતો હતો. પછી માં ને પગે લાગી બોલ્યો. હું અહીં આ લોકોની વચ્ચે દવાખાનું ખોલીશ અને બાળકોને કુપોષણ મુક્ત કરીશ.

# કયોં ના બોલે મો સે રાધા, કયોં હૈ રુઠી રાધા યું



### આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

બે વ્યક્તિ વચ્ચેના અબોલા ક્યારેક ખાનગી રહેતા હોય છે તો ક્યારેક જાહેર થઈ જતાં હોય છે. અબોલાની જ્યારે અન્ય લોકોને જાણ થઈ જાય છે ત્યારે અબોલા દરમ્યાન ત્રીજી વ્યક્તિ એ બંને વચ્ચે દરમિયાનગીરી કે દખલગીરી કરવાની તક જડપી લેતી હોય છે. બંનેના અબોલાનો લાભ લઈને ત્રીજી વ્યકિત પોતાનો સ્વાર્થ સાધી લેવા પણ પ્રયત્ન કરી લેતી હોય છે. એ ત્રીજી વ્યકિત ક્યારેક બંને વચ્ચે મોટી તિરાડ પાડવા પણ પ્રયત્ન કરતી હોય છે. અબોલા રાખનાર બંને વ્યકિત જો એ ત્રીજી વ્યક્તિના ઈરાદાઓને સમજીને સાવચેતી ન રાખે તો એ બંનેના સંબધોને કાયમી નુકશાન પહોંચવાની શક્યતાઓ વધી જતી હોય છે. અબોલા દરમ્યાન બંને વ્યક્તિઓએ પોતાના હિતશત્રુઓથી ખાસ સાવચેતી રાખવું જરૂરી બની જતી હોય છે.

બે વ્યક્તિના અબોલા દરમ્યાન ત્રીજી વ્યક્તિ માત્ર નકારાત્મક ભૂમિકા જ ભજવતી હોય એવું નથી. ક્યારેક આવું પણ બને છે કે બંને વ્યકિતની હિતેચ્છુ હોય એવી ત્રીજી વ્યકિત બંને વચ્ચે મનમેળ કરાવીને અબોલા તોડાવવા માટે પણ પ્રયત્ન કરતી હોય છે. બે વ્યકિત વચ્ચેના અબોલામાં મોટે ભાગે એવું જ થતું હોય છે કે ત્રીજી વ્યક્તિની દરમિયાંગીરી થકી જ અબોલા તૂટતાં હોય છે. બે વ્યક્તિ વચ્ચે જો ત્રીજી વ્યકિત આવીને અબોલા તોડાવવા પ્રયત્ન ના કરે અથવા તો એ જો નિષ્ફળ જાય તો અબોલા વધારે સમય રહેવાની શક્યતાઓ વધી જતી હોય છે.

બે વ્યક્તિ વચ્ચેના અબોલા મોટેભાગે થોડી કલાકો કે થોડા દિવસો પૂરતા જ રહેતા હોય છે. એ અબોલા ક્યારેક આપોઆપ તો ક્યારેક ત્રીજી વ્યક્તિની દરમિયાનગીરીથી તૂટી જતાં હોય હોય છે. અબોલા થોડા સમય માટે રહે તો તેનાથી બહુ નુકશાન થવાની શક્યતાઓ નથી રહેતી. પણ અબોલા જો લાંબો સમય ચાલે તો અબોલા દરમ્યાન કેટલીક વધારે ગેરસમજણો ઊભી થવાની શક્યતાઓ વધી જાય છે અબોલા જો લાંબો સમય ચાલે તો સંબંધો માટે એ પરિસ્થિતિ વધારે ભયજનક છે. એ અબોલા દુશ્મનાવટમાં ફેરવાઈ જવાની શક્યતાઓ વધી જાય છે કારણ કે એ સમય દરમ્યાન બંનેના હિતશત્રુઓ વધારે સક્રિય થતાં હોય છે અને તેઓને પોતાના ધ્યેયો પાર પાડવા માટે વધારે સમય મળી જાય છે. આમ જો બંને વ્યક્તિ સાવચેતી ના રાખે તો અબોલાને કારણે સંબંધોમાં તિરાડ પાડવાની શક્યતાઓ વધી જાય છે.

બે વ્યકિત વચ્ચેના અબોલને કારણે અબોલા રાખનાં વ્યક્તિઓ તો પરેશાન થતી જ હોય છે સાથે સાથે તેની સાથે સંકળાયેલી અન્ય વ્યકિતઓને પણ પરેશાન થતી હોય છે. ઉદાહરણ તરીકે પતિ-પત્ની વચ્ચેના અબોલાને કારણે તેના બાળકો પરેશાન થતાં હોય છે. બે કુટુંબીજનો વચ્ચેના અબોલા અન્ય કુટુંબીજનોને તો બે મિત્રો વચ્ચેના અબોલા અન્ય મિત્રોને પરેશાન કરતાં હોય છે. આ પ્રકારની પરેશાનીને કારણે ક્યારેક ત્રીજી વ્યક્તિને એવી લાગણી થાય છે કે પોતે બે ઘંટીના પડ વચ્ચે પિસાઈ રહી છે.

સંબધોને ટકાવી રાખવા માટે બે વ્યકિત વચ્ચે વાતચીત, સંદેશ વ્યવહાર અને લાગણીની અભિવ્યક્તિ જરૂરી છે એમ જ સંબધોમાં ક્યારેક અબોલા થાય પણ જરૂરી છે. સતત પ્રેમ, સ્નેહ, જેવી લાગણી થકી ક્યારેક જિંદગી નિરસ કે કંટાળાજનક બની જતી હોય છે. ક્યારેક તેનાથી ઉબકે આવી જતાં હોઈએ છીએ. એ કંટાળાજનક જિંદગીમાં થોડો બદલાવ લાવવા માટે થોડા સમયના અબોલા ક્યારેક ઉપયોગી થઈ શકે છે. તેના થકી સંબંધોમાં નવી તાઝગી આવી શકે છે. તેના થકી સામેની વ્યક્તિનું આપણાં જીવનમાં શું મહત્વ છે એ સમજાય છે અને તેની ગેરહાજરીથી આપણાં જીવનમાં કેટલી તકલીફો ઊભી થાય છે એનો એહસાસ થાય છે.

બે વ્યકિત વચ્ચેના અબોલાના સમય દરમ્યાન બંને વ્યક્તિને દર્દ થતું હોય છે. બંને વ્યક્તિને અબોલા થકી પીડા થતી હોય છે. હા, શક્ય છે કે એ પીડાની તીવ્રતા વધારે-ઓછી હોય પણ પીડા તો થતી જ હોય છે. એ પીડા "ના કોઈને કહી શકાય કે ના સહી શકાય" એવી હોય છે. બંને વ્યક્તિમાથી જે વ્યક્તિ વધારે ઋજુ હોય છે, વધારે કોમળ હોય છે, વધારે લાગણીશીલ હોય છે તેને વધારે પીડા થતી હોય છે. જે વ્યક્તિએ અબોલા રાખવા માટે પહેલ ના કરી હોય તેને તો પીડા થતી જ હોય છે પણ પહેલ કરનારને પણ પીડા થતી હોય છે.

અબોલા દરમ્યાન બંનેને એવી લાગણી થતી હોય છે કે અબોલા તૂટે, શક્ય એટલી વહેલી તકે તૂટે પણ સવાલ મોટો હોય છે કે પહેલ કોણ કરે. પહેલ કરવામાં વ્યકિત જો પોતાના અહમને વળગી રહે તો પછી અબોલાનો સમયગાળો લંબાતો રહે છે અને છેલ્લે પરિણામ એવું આવે છે કે એ અબોલા કાયમી બની જાય છે.

બે વ્યક્તિ વચ્ચે અબોલા થવાના કારણો મોટેભાગે ખૂબ જ નજીવા હોય છે. ક્યારેક તો કે એ કારણ જાણીને આપણને નવાઈ લાગે કે હસવું આવે એવા હોય છે. ક્યારેક તો આધેડ કે વૃધ્ધ લોકો પણ નાના બાળક જેવી હરકતો કરીને અબોલા કરી દેતાં હોય છે. આવું કર્યા પછી બંને વ્યકિતને પસ્તાવો પણ થતો હોય છે. અબોલા થવાના કોઈ એવા મોટા કારણો નથી હોતા કે જેનો સામસામે બેસીને બંને ચર્ચા કરીને ઉકેલ ના લાવી શકીએ. પણ હા, તેના માટે શરત માત્ર એટલી કે બંને વ્યક્તિએ પોતાના અહમ કે જિદ્દને કોરાણે મૂકીની સામસામે બેસવું પડે.

અબોલા ભલે સંબંધોનો એક ભાગ હોય, ટૂંકા સમયના અબોલા થકી કદાચ ભલે સંબંધોને કદાચ નુકશાન પણ ના થતું હોય છતાં અબોલા એ અબોલા જ છે અને એક જ વ્યક્તિ સાથે વારંવાર થતાં અબોલા, લાંબા સમય માટે રહેતા અબોલા, અબોલ દરમ્યાન ત્રીજી વ્યક્તિની દખલગીરી થકી ક્યારેક તો સંબંધોમાં મોટી તિરોડા પડી શકે છે. અબોલા દરમાં થતી વેદના અને પીડા તથા સંબંધોને થતાં નુકશાન થકી થતી પીડાથી બચવું હોય તો અબોલા સાથે જ કયાં માટે અબોલા લઈ લઈએ. આવું થાય તો પછી આપણે એવું ક્યારેય ના ઉચ્ચારવું પડે કે "ક્યોં ના બોલે મો સે રાધા, ક્યોં હે રુઠી રાધા યું"

# 'મન કી બાત' જેવું ઉમદા બજેટ પણ પ્રજા ઝંખે છે રાહત



### જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જુલાઈ ૨૦૧૯ના પ્રથમ સપ્તાહમાં કેન્દ્ર સરકારનું બજેટ દેશના પ્રથમ મહિલા નાણા પ્રધાન સુ.શ્રી. નિર્મલા સીતારામને સંસદમાં રજૂ કર્યું અને બજેટના પેપર્સને બ્રીફ કેસમાં બદલે લાલ રંગના કાપડવાળા પેકિંગમાં ત્યાં લાવવામાં આવ્યું.બહુ આનંદની વાત છે આપણે હવે પરિવર્તનોને આવકારી રહ્યા છીએ કેમ કે પરિવર્તન એ શાશ્વત નિયમ કુદરતે બનાવેલો ક્રમ છે. વિચારધારામાં, ઔપચારિકતામાં, કાર્યપ્રણાલીમાં, કાર્યકુશળતામાં, મૂલ્યાંકનમાં પરિવર્તન ખૂબ જ આવશ્યક છે. જે સમયના પ્રવાહમાં રહેતો નથી સમય તેનો સાથ સહજ રીતે છોડી દેતો હોય છે. બજેટ વિશે ભારતનો આમ નાગરિક બહુ જ જાણતો નથી અને તેને બહુ સમજ પણ હોતી નથી અલબત્ત મીડિયાનાં માધ્યમથી હવે જાગૃતિ જરૂર આવી છે. બજેટ વાસ્તવમાં આર્થિક પૂર્વાનુમાન અને આવક-જાવકના અંદાજોથી બનાવવામાં આવતું હોય છે તેમાં સરકાર આવક કઈ રીતે ઊભી કરશે અને તેનો ખર્ચ કયા કયા સેકટરમાં કરશે તેની રૂપરેખા તૈયાર કરીને જાહેર કરવામાં આવે છે અન ત્યારબાદ અમલ શરૂ થાય છે. બજેટ આવે ત્યારે વેરા વધશે એ નક્કી જ હોય છે કેમ કે એ નાણાં મેળવવાનો મુખ્ય સ્રોત હોય છે. જે મોંઘી વૈભવી ચીજવસ્તુ કે સેવા હોય તથા જેનો ઉપભોગ ઉપભોક્તા મુલત્વી ના રાખે તેવી બાબતોમાં વેરા હંમેશા વધતા જ હોય છે. આમ નાગરિકના જીવનનો બોજ વધે નહીં છતાં નવી આવક વિકાસ માટે પ્રાપ્ત થાય તે ઉદ્દેશને નજરમાં રાખી ને બજેટ તૈયાર થતા હોય છે. બજેટ જાહેર કરવાથી કશુ વિકસતું નથી કારણ કે આ એક અનુમાન મુજબ અર્થતંત્ર ચલાવવાની કવાયત હોય છે. બજેટને માનનીય વડાપ્રધાને લાંબાગાળાના ધ્યેયનું ઉમદા બજેટ જાહેર કર્યું જયાં ઈકોનોમી વૈશ્વિક રીતે વધશે બજેટથી બધા ક્ષેત્રમાં નવું જોમ આવશે !!

બજેટમાં હવે રેલવે બજેટ એક હિસ્સો બની ગયું છે તેનું અલગ બજેટ વર્ષો સુધી બનતું હતું એ એક પરિવર્તન છે આ ઉપરાંત ડિફેન્સ માટે વિગતે બજેટ નથી કેટલાક પરિવર્તનો જરૂર થયા છે. બજેટ આ વર્ષે નિબંધ જેવું રહ્યું ગદ્ય-પદ્ય અને આંકડાઓનું સંકલન પૂર્ણતઃ નથી ! બુલંદ હૌંસલાના એક શૅર સાથે બજેટ પેશ કરવામાં આવ્યું જેના પર બહુ સપોટ વિશ્લેષણ નિષ્ણાંતો દ્વારા કરવાની હોંશ પ્રમાણમાં ઓસરી ગઈ હોય તેવું જરૂર લાગ્યું. રેડિયો પર મોદી સાહેબના 'મન કી બાત'માં રજૂ થતી વાતોની જેમ જ બજેટ રજૂ થયું જયાં બહુધા રાહત મળવાની અપેક્ષા નિષ્ફળ રહી. બજેટ આવી જાય પછી આખુ વર્ષ તેની સફલતા માટે ત્રિમાસિક સમીક્ષા થાય તો કદાચ વર્ષાંતે આપણી આર્થિક સ્થિતિ કદાચ બજેટ મુજબ હાંસલ થતી જોવા મળી શકે છે. બજેટને ઈલેકશન મેનીફેસ્ટો મુજબ જોવાની શૈલી પણ ફેરફાર ઝંખે છે. શિક્ષણ, જળ, ઊર્જા, પર્યાવરણ, કૃષિ, નાણાંકીય ક્ષેત્રો માટે જે રકમોની ફાળવણી બજેટ દ્વારા કરાઈ છે. તે યોગ્ય પરિણામલક્ષી વપરાય તેની કાળજી લેવી જ પડે તો પ્રજા સુધી રાહતનો અહેસાસ થાય ! બજેટનાં અમલીકરણમાં વિવિધ યોજનાઓ, વિભાગો, સંસ્થાઓ જોડાતી હોય છે ત્યારે ઉમદા સંચાલન અને પૂરતું નિયંત્રણ તથા સમયાંતરે સમીક્ષા સુનિશ્ચિત થવા અત્યંત જરૂરી છે. પ્રજાના પૈસા પ્રજાના હિત માટે પ્રજાના જ હિસ્સાથી વપરાય ત્યારે લોકશાહી સક્ષમ બને છે. ગત વર્ષમાં પૂરા દેશમાં જળ પ્રબંધન અને કૃષિ સમસ્યાઓ અકળાવી દેતા વિભાગ રહ્યા હતા. હવે ચોમાસું શરૂ થઈ ગયું છે ત્યારે જળસંગ્રહની બધી જ કાર્યવાહી મજબૂત રીતે ગોઠવાઈ જવી જરૂરી છે. જયાં પ્રમાદ સ્પષ્ટ દેખાય છે. શિક્ષણ જગતમાં ઘણી સમસ્યાઓથી પરિવારો પીડિત છે. મોંઘા શિક્ષણનાં લીધે ડ્રોપ આઉટ રેશિયો વધી રહ્યો છે. ખેડૂતો કૃષિક્ષેત્રે ટકા ઘટી ગયું છે. તેલિબિયાની જગ્યાએ કપાસ આવી ગયો છે!

કૃષિ આધારિત આપણું ગ્રામ્ય અર્થતંત્ર વેદનાઓ અને સમસ્યાઓથી ભાંગી પડ્યું છે. ત્યાં કૃષિકારોની બમણી આવક ૨૦૨૨ સુધીમા કરવાની જો નીતિ હશે તો એ સિદ્ધ થવામા પૂરતી આશંકા છે. સિંચાઈના અભાવે પણ ખેડૂતો ખેતી છોડી રહ્યા છે. જમીન ધારણ પ્રતિવર્ષ નાના થઈ રહ્યા છે. ૨૦૧૮-૧૯ માં ગતવર્ષની તુલનામાં જ જોઈએ તો ગુજરાતમાં ૧૦ લાખ ટન અનાજનું ઉત્પાદન ઘટી ગયેલું જોવા મળે છે. કૃષિ ક્ષેત્રમાં લોકો મનથી રાજી નથી માટે ત્યાં પ્રશ્નો જે હોયય તેનો નિકાલ થવો જોઈએ તો જ વિકાસની રાહ માટે સફર આસાન થશે. યોજનાઓ વધારવાની કલ્યાણ વધતું નથી તેવું સ્પષ્ટ નોંધવા મળે છે. મગફળીના વાવેતર સતત ઘટી રહ્યા છે. ગુજરાતમાં અનાજ ઉત્પાદનના છેલ્લા ૩ વર્ષના આકડા (ટનમાં) આ મુજબ નોંધાયા છે જેમ કે વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯માં ૭૪.૨૦ લાખ, ૭૬.૬૧ લાખ અને ૬૬.૯૧ લાખ ટન અનુક્રમે છે. ભૂલકાઓના કુપોષણ ગુજરાતમાં વધ્યા હોવાના સમાચાર છે જેમાં દાહોદ અગ્રેસર છે! ભ્રષ્ટાચાર સામે જંગ બહુ મોટો છે અને આ જંગમાં મોદી સાહેબ વિજય મેળવવા મક્કમ છે. તે વાતનો ખુબ જ હર્ષ અને ગૌરવ છે. કૃષિ પેદાશોના જગત કે જાળવણીમાં પણ આપણી નિષ્ફળતા જગ જાહેર છે. બજેટ એ વિકાસ પ્રાપ્તિની બ્લ્યુ પ્રિન્ટ છે પણ ત્યાં સદાચાર લાવવો જ પડે અન્યથા નાણા વેડફાતા રહે અને પ્રજા રિબાતી જ રહે છે. પેયજળ, આવાસ, હેલ્થ માટે નક્કર કામોની સમીક્ષા થતી રહે તો કાર્યો ચોક્કસ થશે. સંકલ્પ મજબૂત છે તો સિદ્ધિ અવસ્ય આવશે.

**શેર આસ્વાદ :**

*જિંદગી તેરા ઝૂલ્મ તો દેખ જરા*
*જિન કે પાસ જૂતે નહીં ઉનકો ચલના બહુત હૈ*